RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 45* Date: 04.12.2022, Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## બીજા તબક્કામાં યોજનાર મતદાનનો ચુંટણી પ્રચાર પુરો :

# ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતની ૯૩ બેઠકો પર સોમવારે મતદાન

**ચુંટણી પ્રચાર પુરો થતાં પહેલા તમામ રાજકીય પક્ષોએ પોતાની સંપૂર્ણ તાકાત લગાવી દીધી : વિધાનસભાની ૧૮૨ બેઠકો પર ચુંટણી પ્રચાર પુરો**

ગાંધીનગર,તા.૩

ગુજરાત વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કાના મતદાનનો ચુંટણી પ્રચાર આજે સંપન્ન થઈ ગયો છે. ચુંટણી પ્રચાર પુરો થાય તે પહેલા તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારોએ આજે ચુંટણી રેલીઓ અને રોડ શોનું આયોજન કર્યું હતું. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આજે પોતાના મત વિસ્તાર ઘાટલોડીયામાં રોડ શોનું આયોજન કર્યું હતું. આ ઉપરાંત ભાજપના કેન્દ્રીય મંત્રીઓએ પણ ચુંટણી પ્રચાર કર્યો હતો જયારે કોંગ્રેસના નેતાઓએ પણ ચુંટણી પ્રચાર કર્યો હતો.હવે રાજકીય પક્ષો કે ઉમેદવારો રોડ શો કે જાહેરસભાઓ યોજી શકશે નહીં.જો કે તેઓ ઘરે ઘરે જઈને મતદારોનો આકર્ષિત કરી શકશે બીજા તબક્કાનો ચુંટણી પ્રચાર સંપન્ન થતા જ હવે ગુજરાત વિધાનસભાની તમામ ૧૮૨ બેઠકો પર ચુંટણી પ્રચાર પુરો થયો છે. બીજા તબક્કાની ૯૩ બેઠકો માટે મતદાન. ૫ ડિસેમ્બરે યોજાશે જેમાં ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતની ૯૩ બેઠકો પર મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે. બનાસકાંઠા જિલ્લાની ૯ બેઠકો, પાટણ જિલ્લાની ૪ બેઠકો, મહેસાણા જિલ્લાની ૭ બેઠકો, સાબરકાંઠા જિલ્લાની ૪ બેઠકો, અરવલ્લી જિલ્લાની ૩ બેઠકો, ગાંધીનગરની ૫ બેઠકો, અમદાવાદની ૨૧ બેઠકો, આણંદની ૭ બેઠક, ખેડાની ૬ બેઠકો, મહીસાગરની ૩ બેઠકો, અરવલ્લીની ૩ બેઠકો, પંચમહાલ જિલ્લાની ૫ બેઠકો, દાહોદ જિલ્લાની ૬ બેઠકો, વડોદરા જિલ્લાની ૧૦ બેઠકો, છોટાઉદેપુર જિલ્લાની ૩ બેઠકો પર મતદાન થશે. ત્યારે ગુજરાત વિધાનસભાની બીજા તબક્કાની ચૂંટણીમાં ઉત્તર અને મધ્ય ગુજરાતની ૯૩ બેઠકોનો સમાવેશ થાય છે. ૫ ડિસેમ્બરે જે ૧૪ જિલ્લાની ૯૩ બેઠક માટે મતદાન થનાર છે તેવા જીલ્લા જોઈએ તો બનાસકાંઠા જિલ્લો : બેઠકોના નામ : વાવ, થરાદ, ધાનેરા, દાંતા, વડગામ,પાલનપુર, ડીસા, દિયોદર, કાંકરેજ, પાટણ જિલ્લો : બેઠકોના નામ : રાધનપુર, ચાણસ્મા, પાટણ, સિદ્ધપુર, મહેસાણા જિલ્લો : બેઠકો : ખેરાલુ, ઉંઝા, વિસનગર, બેચરાજી, કડી, મહેસાણા, વિજાપુર, સાબરકાંઠા જિલ્લો:બેઠકોના નામ : હિંમતનગર ,ઈડર, ખેડબ્રહ્મા (જી), પ્રાંતિજ, અરવલ્લી જિલ્લો : બેઠકોના નામ ભિલોડા,મોડાસા,બાયડ, ગાંધીનગર જિલ્લોઃ બેઠકોઃ દહેગામ, ગાંધીનગર દક્ષિણ, ગાંધીનગર ઉત્તર, માણસા, કલોલ, અમદાવાદ જિલ્લાઃ બેઠકોઃ વિરમગામ, સાણંદ, ઘાટલોડિયા, વેજલપુર, વટવા, એલિસબ્રિજ, નારાણપુરા, નિકોલ, નરોડા,ઠક્કરબાપા નગર, બાપુનગર,અમરાઈવાડી, દરિયાપુર,જમાલપુર-ખાડિયા, મણિનગર, દાણીલીમડા, સાબરમતી,અસારવા, દસક્રોઈ, ધોળકા, ધંધુકા,આણંદ જિલ્લો : બેઠકો : ખંભાત, બોરસદ, આંકલાવ, ઉમરેઠ, આણંદ, પેટલાદ, સોજિત્રા,ખેડા જિલ્લો : બેઠકોના નામ : માતર, નડિયાદ, મહેમદાબાદ, મહુધા, ઠાસરા, કપડવંજ, મહીસાગર જિલ્લો : બેઠકોના નામ : બાલાસિનોર, લુણાવાડા, સંતરામપુર, પંચમહાલ જિલ્લો : બેઠકોના નામ : શહેરા, મોરવાહડફ, ગોધરા, કાલોલ, હાલોલ, દાહોદ જિલ્લો : બેઠકો : ફતેપુરા, ઝાલોદ, લીમખેડા, દાહોદ, ગરબાડા, દેવગઢ બારિયા,વડોદરા જિલ્લો : બેઠકોના નામ : સાવલી, વાઘોડિયા, ડભોઈ, વડોદરા શહેર , સયાજીગંજ, અકોટા, રાવપુરા, માંજલપુર, પાદરા, કરઝણ આ ઉપરાંત છોટાઉદેપુર જિલ્લાની બેઠકોના નામઃ છોટાઉદેપુર, જેતપુરનો સમાવેશા થાય છે. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં આ ૯૩માંથી ભાજપે ૫૧ બેઠકો જીતી હતી, જ્યારે કોંગ્રેસે ૩૯ બેઠકો જીતી હતી. બીજા તબક્કામાં કુલ ૮૩૩ ઉમેદવારોનું ભાવિ દાવ પર છે.

મહારથીઓની વાત કરીએ તો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહારથીઓ મેદાને છે. જેમાં ભાજપના ૨૦ નેતા એવા છે, જેમના પર જીતનો આધાર છે. તો કોંગ્રેસના ૧૨ દિગ્ગજ નેતાઓ મેદાનમાં છે.

તો એનસીપીની વાત કરીએ તો દિગ્ગજ નેતા જયંત બોસ્કી ઉમરેઠથી ભાજપને હંફાવી શકે છે. ઉત્તર અને મધ્ય ગુજરાતના ભાજપ કોંગ્રેસના ઘણા દિગ્ગજો ચૂંટણી લડી રહ્યા છે. ખુદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઘાટલોડિયા બેઠક પરથી ભાજપના ઉમેદવાર તરીકે મેદાને છે. આ સિવાય ભાજપના અન્ય મહારથીઓની વાત કરીએ તો શંકર ચૌધરી થરાદથી, કિર્તીસિંહ વાઘેલા કાંકરેજથી, દિલીપ ઠાકોર ચાણસ્માથી, બળવંતસિંહ રાજપૂત સિદ્ધપુરથી, રમણલાલ વોરા ઈડરથી પોતાનું ભાવિ અજમાવી રહ્યા છે. તો અશ્વિન કોટવાલ ખેડબ્રહ્માથી, અલ્પેશ ઠાકોર ગાંધીનગર દક્ષિણથી, હાર્દિક પટેલ વીરમગામથી, જગદીશ વિશ્વકર્મા નિકોલથી, ભૂષણ ભટ્ટ જમાલપુર-ખાડિયાથી ચૂંટણીના જંગમાં છે. બાબુ જમના પટેલ દસ્ક્રોઈથી, પંકજ દેસાઈ નડિયાદથી, અર્જુનસિંહ ચૌહાણ મહેમદાવાદથી, જેઠા ભરવાડ શહેરાથી, નિમિષા સુથાર મોરવાહડફથી, કેતન ઈનામદાર સાવલીથી, મનીષા વકીલ વડોદરા શહેરથી, યોગેશ પટેલ માંજલપુરથી, અક્ષય પટેલ કરજણથી ભાજપના ઉમેદવાર છે.

કોંગ્રેસમાંથી જિજ્ઞેશ મેવાણી વડગામથી, કિરીટ પટેલ પાટણથી, સી.જે.ચાવડા વીજાપુરથી, તુષાર ચૌધરી ખેડબ્રહ્માથી, મહેન્દ્રસિંહ વાઘેલા બાયડથી, અમી યાજ્ઞિક ઘાટલોડિયાથી, હિંમતસિંહ પટેલ બાપુનગરથી ચૂંટણી લડી રહ્યા છે. તો ગ્યાસુદ્દીન શેખ દરિયાપુરથી, ઈમરાન ખેડાવાલા જમાલપુર-ખાડિયાથી, શૈલેષ પરમાર દાણીલીમડાથી, અમિત ચાવડા આંકલાવથી, પ્રભાતસિંહ ચૌહાણ કાલોલથી ચૂંટણીના મેદાને ઉતર્યા છે. એનસીપીના પ્રદેશ અધ્યક્ષ જયંત બોસ્કી પણ ઉમરેઠ બેઠક પરથી પોતાનું ભાવિ અજમાવી રહ્યા છે.




# દિલ્લી એકસાઈઝ કૌભાડમાં તેલંગણાના મુખ્યપ્રધાનની પુત્રીની સીબીઆઈ પુછપરછ કરશે , સમન્સ મોકલ્યું

નવીદિલ્હી,તા.૩

દિલ્લી શરાબ કૌભાડમાં તપાસ કરી રહેલ સીબીઆઈએ, તેલંગણાના મુખ્યપ્રધાન કે ચંદ્રશેખર રાવની દિકરી અને તેલંગણા રાષ્ટ્ર સમિતિના પદાધિકારી કે કવિતાને પુછપરછ માટે હાજર થવા નોટીસ પાઠવી છે.સીબીઆઈએ ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ-૧૬૦ હેઠળ કવિતાને નોટિસ પાઠવી છે. નોટીસમાં જણાવવામાં આવ્યું છે કે, આગામી ૬ જાન્યુઆરીના રોજ, સવારે ૧૧ વાગે પુછપરછ કરવા માટે યોગ્ય જગ્યાં વિશે જાણ કરશો.

સીબીઆઈએ પાઠવેલી નોટિસનો જવાબ આપતા, કે. કવિતાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેણે સીબીઆઈના અધિકારીઓને જાણ કરી છે કે તેઓ તેને તેના હૈદરાબાદના નિવાસસ્થાને મળી શકે છે. કવિતાને મોકલવામાં આવેલી નોટિસમાં સીબીઆઈએ કહ્યું છે કે દિલ્લી શરાબ કૌભાડના વિષયની તપાસ દરમિયાન કેટલાક તથ્યો સામે આવ્યા છે, જેનાથી તમે જાણતા હશો. તેથી, તપાસના હિતમાં, તમારી પાસેથી આવી હકીકતો વિશે પૂછપરછ કરવી જરૂરી છે.કવિતાનું નામ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા દિલ્લીની કોર્ટમાં કથિત રૂપે લાંચ લેવા બદલ દાખલ કરવામાં આવેલા રિમાન્ડ રિપોર્ટમાં સામે આવ્યું હતું. આ પછી તેણે કહ્યું હતું કે તે કોઈપણ તપાસનો સામનો કરવા તૈયાર છે.

કવિતાએ કહ્યું કે મને સીબીઆઈએ નોટિસ ફટકારી છે, જેમાં મારો જરૂરી ખુલાસો માંગવામાં આવ્યો છે. મેં સીબીઆઈના અધિકારીઓને જાણ કરી છે કે તેમની વિનંતી મુજબ હું ૬ ડિસેમ્બરે હૈદરાબાદ સ્થિત મારા નિવાસસ્થાને તેમને મળી શકું છું. દિલ્લીના નાયબ મુખ્યપ્રધાન મનીષ સિસોદિયા પણ આ કેસના આરોપીઓમાંના એક છે. લેફ્ટનન્ટ ગવર્નર વી.કે. સક્સેનાએ કથિત ભ્રષ્ટાચારની સીબીઆઈ તપાસની માંગણી કર્યા પછી દિલ્લી સરકારની નવી દારૂ નીતિને રદ કરવામાં આવી હતી. દિલ્લી સરકારે કહ્યું છે કે એલજીનો નિર્ણય ખોટો હતો કારણ કે પોલિસી રદ થયા બાદ દિલ્લી સરકારને અંદાજિત આવકમાં કરોડો રૂપિયાનું નુકસાન થવા પામ્યું હતું.

# ભાજપના લોકો જય શ્રી રામ બોલે છે, જય સિયારામ કેમ નહીં ? : રાહુલ ગાંધી

ભોપાલ,તા.૩

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે ભાજપ અને આરએસએસના લોકો ભગવાન રામ જેવું જીવન જીવતા નથી.

ભારત જોડો યાત્રા દરમિયાન અહીં એક રેલીમાં એક પૂજારી સાથેની વાતચીતને ટાંકીને, તેમણે કહ્યું કે મહાત્મા ગાંધી દ્વારા ઉપયોગમાં લેવાયેલ હે રામ, વાક્ય જીવનનો એક માર્ગ છે. ભારત જોડો યાત્રા હાલમાં મધ્યપ્રદેશમાંથી પસાર થઈ રહી છે અને શુક્રવારે સાંજે અગર માલવા જિલ્લામાં રોકાઈ હતી.

તેમણે કહ્યું, હે રામ, એ જીવનનો માર્ગ છે. તેમણે સમગ્ર વિશ્વને પ્રેમ, ભાઈચારો, આદર અને તપનો અર્થ શીખવ્યો છે. એ જ રીતે જય સિયા રામ એટલે સીતા અને રામ એક છે અને ભગવાન રામ સીતાના સન્માન માટે લડ્યા હતા. જય શ્રી રામ એટલે ભગવાન રામની જય, પરંતુ ભાજપ અને આરએસએસના લોકો ભગવાન રામ જેવું જીવન જીવી રહ્યા નથી અને મહિલાઓના સન્માન માટે લડી રહ્યા નથી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે કોંગ્રેસ પર નિશાન સાધતા કહ્યું કે જેઓ ક્યારેય ભગવાન રામના અસ્તિત્વમાં માનતા ન હતા તેઓ હવે રાવણને ગાળો આપવા માટે લાવ્યા છે. મોદીએ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની ટિપ્પણીનો ઉલ્લેખ કર્યો હતો કે વડા પ્રધાન લોકોને તમામ ચૂંટણીમાં તેમનો ચહેરો બતાવીને મત આપવા કહે છે. ખડગેએ પૂછ્યું, શું તમે ૧૦૦ માથાવાળા રાવણ જેવા છો?

દરમિયાન, કેન્દ્ર અને મધ્યપ્રદેશની ભાજપ સરકારો પર પ્રહાર કરતા રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે ખેડૂતોને ખાતર નથી મળતું અને રૂ. ૫૦,૦૦૦ થી રૂ. ૧ લાખ સુધીની લોન ન ચૂકવવા બદલ તેઓને હેરાન કરવામાં આવી રહ્યા છે. બેક્રો દ્વારા ઉદ્યોગપતિઓની મોટી લોન માફ કરવામાં આવે છે. કોંગ્રેસના નેતાએ કહ્યું કે માતા-પિતા તેમના પુત્રને એન્જિનિયર બનાવવા માટે શિક્ષણ લોન લે છે, પરંતુ સ્નાતક થયા પછી, યુવાન એન્જિનિયરોને નોકરીના અભાવે મજૂર તરીકે કામ કરવાની ફરજ પડે છે.

## તંત્રી સ્થાનેથી...

# વિચારાધીન કેદીઓ

*થોડા દિવસ પહેલાં બંધારણ દિવસના અવસરે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ જામીન વિના અને સુનાવણી વિના લાંબા સમયથી જેલોમાં સબડતા વિચારાધીન કેદીઓ પર સહાનુભૂતિપૂર્વક વિચાર કરવાનું ભાવનાત્મક નિવેદન આપ્યું હતું. એ ગોષ્ઠીમાં મુખ્ય ન્યાયાધીશ સહિત સુપ્રીમ કોર્ટના અને હાઈકોર્ટોના ન્યાયાધીશ તથા કેન્દ્રીય કાયદા મંત્રી કિરન રિજિજુ પણ હાજર હતા. રાષ્ટ્રપતિની અપીલને ધ્યાનમાં રાખતાં સર્વોચ્ચ ન્યાયાલયની એક પીઠે દેશભરની રાજ્ય સરકારો અને જેલ અધિકારીઓને એવા કેટલાય કેદીઓ વિશે ૧૫ દિવસની અંદર જાણકારી આપવાના નિર્દેશ આપ્યા છે. તમામ આંકડા રાષ્ટ્રીય કાયદા સેવા ઓથોરિટીને સોંપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રપતિએ અંગ્રેજી ભાષણને બદલે હિંદીમાં બોલતાં ગરીબ કેદીઓ અને તેમના પરિજનોના કષ્ટને રેખાંકિત કર્યું હતું તથા તેમના માટે કંઈક કરવાનું આહ્વાન પણ કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ જુલાઈમાં એક સંબોધનોમાં આરોપીઓને બિનજરૂરી રૂપે જેલોમાં બંધ રાખવા પર ચિંતા વ્યક્ત કરી હતી.*

*ગયા વર્ષના આંકડાના આધારે કેટલાક મહિના પહેલાં રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યૂરો દ્વારા જારી એક રિપોર્ટ અનુસાર, આપણા દેશમાં વિચારાધીન કેદીઓની સંખ્યા ૪.૨૭ લાખથી વધુ થઈ ચૂકી છે. દેશની તમામ જેલોમાં કેદ કુદ કેદીઓમાં ૭૭ ટકા તો વિચારાધીન કેદીઓ છે. રાષ્ટ્રપતિ મુર્મૂએ પોતાના સંબોધનમાં એમ પણ કહ્યું હતું કે જેલોમાં ક્ષમતાથી ક્યાંય વધારે કેદી છે તથા નવી જેલો બનાવવી વિકાસની નિશાની નથી. દેશમાં ૫.૫૪ લાખ કેદી છે, જ્યારે જેલોની અધિકતમ ક્ષમતા ૪.૨૬ લાખ લોકો માટે જ છે. વિચારાધીન કેદી એ હોય છે, જે અપરાધિક કેસોમાં આરોપી હોય છે તથા અદાલતોમાં તેમની સુનાવણી થઈ રહી હોય છે. સુપ્રીમ કોર્ટ તથા હાઈકોર્ટોના અનેક ચુકાદાઓ અને નિર્દેશોમાં કહેવાઈ ચૂક્યું છે કે જામીન આપવામાં અદાલતોનું વલણ નરમ હોવું જોઈએ. હાલમાં જ પૂર્વ અને વર્તમાન મુખ્ય ન્યાયાધીશ પણ એવો અભિપ્રાય વ્યક્ત કરી ચૂક્યા છે. પરંતુ એવું જોવામાં આવે છે કે મામૂલી અપરાધોમાં પણ અદાલતો જામીન આપવામાં સંકોચ કરે છે. રાષ્ટ્રપતિ મુર્મૂની એ વાત પણ મહત્ત્વપૂર્ણ છે કે કેટલીય વાર પોલીસ દ્વારા આરોપી વિરુદ્ધ ઘણી બધી એવી કલમો પણ લગાવી દેવામાં આવે છે, જે અપરાધ એ વ્યક્તિએ કર્યો પણ નથી હોતો. અનેક રિપોર્ટ એ જાહેર કરી ચૂક્યા છે કે કેદીઓમાં મોટી સંખ્યા અભણ, મામૂલી શિક્ષિત અને વંચિત લોકોની છે. તેમના પરિવારજનો અદાલતોનો ખર્ચ વહન નથી કરી શકતા. કેટલીય વાર જામીનની સાધારણ શરતો પૂરી નહીં કરી શકવાની સ્થિતિમાં પણ કેદીઓએ જેલમાં સબડવું પડે છે. આશા છે કે રાષ્ટ્રપતિ મુર્મૂની અપીલ અને સર્વોચ્ચ ન્યાયાલયના નિર્દેશ બાદ સ્થિતિમાં સુધાર આવશે.*

## જ્યોતિરાદિત્ય સિંધિયા અને હિમંત બિસ્વા સરમા જેવા નેતાઓને ક્યારેય પાર્ટીમાં પાછા આવવાની તક નહીં મળે : જયરામ

નવીદિલ્હી,તા.૩

કોંગ્રેસનો સાથ છોડી ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થઈ ચુકેલા પાર્ટી નેતાઓની વાપસીને લઈને વરિષ્ઠ નેતા જયરામ રમેશે એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું હતું કે, કપિલ સિબ્બલ જેવા નેતા, જે પાર્ટીથી અલગ થયા બાદ શાંત છે અને કોંગ્રેસ વિરુદ્ધ કંઈ નથી બોલી રહ્યા, તો ફરીવાર પાર્ટીમાં તેમની વારસી થઈ શકે છે. પરંતુ જ્યોતિરાદિત્ય સિંધિયા અને હિમંત બિસ્વા સરમા જેવા નેતાઓ જે સતત કોંગ્રેસ વિરુદ્ધ નિવેદન આપતા રહ્યા છે, તેમને પાર્ટી ક્યારેય પાછા આવવાની તક નહીં આપશે.

જયરામ રમેશે કહ્યું કે, એવા ઘણા નેતા છે જે પાર્ટી છોડ્યા બાદ સતત પાર્ટી વિરુદ્ધ બોલતા રહે છે, તો એવા લોકોને ફરીવાર પાછા લેવામાં નહીં આવશે. પરંતુ, ઘણા એવા નેતા પણ છે જે પાર્ટીથી અલગ થયા બાદ પોતાની અને કોંગ્રેસની ગરિમાનું ધ્યાન રાખીને ચુપ છે, એવા નેતા ઈચ્છે તો આગળ ફરીવાર પાર્ટીમાં સામેલ થઈ શકે છે.

મધ્ય પ્રદેશમાં યાત્રા દરમિયાન રાહુલ ગાંધીએ એનડીટીવી સાથે વાતચીત કરી. આ દરમિયાન તેમણે કહ્યું, હું ન્યૂમરોલોજીમાં વિશ્વાસન નથી કરતો. તો નંબર્સ પર હું આ બધી બાબતોને બેસ નથી કરતો. પરંતુ, હું તમને એ કહી શકું છું કે કન્યાકુમારીથી મધ્ય પ્રદેશ સુધી જનતાનો પ્રેમ, વિશ્વાસ, જનતાની શક્તિ આ યાત્રાને મળી છે. જ્યારે યાત્રા શરૂ થઈ હતી, તો મીડિયાએ કહ્યુ હતું કે કેરળમાં તો યાત્રા સક્સેસફુલ રહેશે, પરંતુ કર્ણાટકમાં પ્રોબ્લેમ આવશે. પછી અમે કર્ણાટકમાં ગયા તો મીડિયાએ કહ્યું કે, સાઉથ ઈન્ડિયામાં તો યાત્રા સારી ચાલશે પરંતુ, સાઉથમાંથી નીકળવામાં પ્રોબ્લેમ થશે. પછી તેલંગણા, આંધ્ર પ્રદેશમાં એ જ થયુ, જે કર્ણાટકમાં થયુ.

## ગોધરા કાંડના દોષિતોને જામીન માટે સરકારનું નરમ વલણ નહીં

નવીદિલ્હી,તા.૩

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કાના મતદાન પહેલા ગુજરાત સરકારે ગઈકાલે ૨૦૦૨ના ગોધરા ટ્રેન કાંડ કેસમાં દોષિતોને જામીન આપવા અંગે નરમ વલણ અપનાવવાનો ઈનકાર કરી દીધો છે અને સુપ્રીમ કોર્ટમાં આ મુજબનો જવાબ રાય સરકારે રજૂ કર્યો છે.

ગોધરા કાંડના દોષિતોની અપીલ ૨૦૧૮ થી સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે ત્યારે સુપ્રીમ કોર્ટે આ અંગેની સુનાવણી દરમિયાન કહ્યું હતું કે દોષિતોમાંથી કેટલાક પથ્થરબાજ છે અને તેઓ લાંબા સમયથી જેલમાં છે.મુખ્ય ન્યાયમૂર્તિ ચંદ્રચુડ અને ન્યાયમૂર્તિ નરસિંહની બનેલી બેંચે એમ કહ્યું હતું કે દોષિતો ૧૭થી ૧૮ વર્ષોથી જેલમાં છે અને અદાલત પથ્થરબાજના આરોપીઓને જામીન આપવા પર વિચાર કરશે. તેની સામે સોલિસિટર જનરલ તુષાર મહેતાએ એવી દલીલ કરી હતી કે આ કોઈ પથ્થરબાજીનો કેસ નથી. પથ્થરબાજીને કારણે પીડીતોને સળગતા કોચમાંથી બહાર નીકળતા રોકવામાં આવ્યા હતા.

ગુજરાત હાઈકોર્ટે ૨૦૧૭માં ૧૧ દોષિતોની મોતની સજાને આજીવન કેદમાં તબ દિલ કરી દીધી હતી અને ૨૦ દોશીતોની આજીવન કેદની સજાને યથાવત રાખી હતી. આ મામલામાં ૬૩ આરોપીઓને છોડી મૂકવામાં આવ્યા હતા જેમાં ૫૯ હિન્દુ તીર્થયાત્રી પણ સામેલ હતા.

# ગૂગલના સીઈઓ સુંદર પિચાઈને પરિવારની હાજરીમાં પદ્મ ભૂષણથી સન્માનિત કરાયા

### આ સર્વોચ્ચ સન્માન માટે હું ભારત સરકાર અને ભારતની જનતાનો ખૂબ આભારી છું.




નવીદિલ્હી,તા.૩

પદ્મ ભૂષણથી સન્માનિત કરાયા બાદ ગૂગલ અને આલ્ફાબેટના સીઈઓ સુંદર પિચાઈએ કહ્યું છે કે ભારત મારો એક ભાગ છે અને હું તેને મારી સાથે જ રાખુ છુ. ભારતીય-અમેરિકન સુંદર પિચાઈને વ્યાપાર અને ઉદ્યોગ ક્ષેત્રે ૨૦૨૨ માટે પદ્મ ભૂષણ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. ૫૦ વર્ષીય સુંદર પિચાઈને સાન ફ્રાન્સિસ્કો ખાતે, સુંદર પિચાઈના પરિવારના સભ્યો અને નજીકના લોકોની ઉપસ્થિતિમાં ભારતનો ત્રીજો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

આ અવસરે અમેરિકા સ્થિત ભારતીય રાજદૂત તરણજીત એસ સંધુએ ગૂગલના સીઈઓ સુંદર પિચાઈને પદ્મ ભૂષણ એવોર્ડ અર્પણ કર્યા બાદ કહ્યું કે ગૂગલના સીઈઓ સુંદર પિચાઈને પદ્મ ભૂષણ સોંપવામાં આનંદ થયો. મદુરાઈથી માઉન્ટેન વ્યૂ સુધીની તેમની પ્રેરણાદાયી યાત્રા ભારત-યુએસ વચ્ચે આર્થિક અને તકનીકી સંબંધોને મજબૂત બનાવે છે.

સુંદર પિચાઈએ કહ્યું, આ સર્વોચ્ચ સન્માન માટે હું ભારત સરકાર અને ભારતની જનતાનો ખૂબ આભારી છું. ભારત મારો એક ભાગ છે, અને હું ટેક્નોલોજીના લાભો લાવવા માટે સાથે મળીને કામ કરીને ગૂગલ અને ભારત વચ્ચેની ભાગીદારી યથાવત રાખવા માટે આતુર છું. યુ.એસ.માં ભારતના રાજદૂત તરનજીત સિંહ સંધુ પાસેથી એવોર્ડ સ્વીકારતા પિચાઈએ કહ્યું કે ભારત મારો એક ભાગ છે અને હું જ્યાં પણ જાઉં છું તેને મારી સાથે લઈ જઉં છું. હું ભાગ્યશાળી છું કે હું એવા પરિવારમાં ઉછર્યો છું જે શિક્ષણ અને જ્ઞાનને પ્રેમ કરે છે.પિચાઈએ કહ્યું કે ટેકનોલોજિકલ પરિવર્તનની ઝડપી ગતિના સાક્ષી બનવા માટે વર્ષોથી ઘણી વાર ભારત પરત ફરવું અદ્ભુત રહ્યું છે. ડિજિટલ પેમેન્ટથી લઈને વૉઇસ ટેક્નોલોજી સુધી, ભારતમાં કરવામાં આવેલી નવીનતાઓથી વિશ્વભરના લોકોને ફાયદો થઈ રહ્યો છે.

# જીવનમાં શ્રીમદ્ ભગવદ્ ગીતાજીનું મહત્વ




આપણાં જીવનમાં દરેક ધાર્મિક પુસ્તકો કાંઈક કરવાની પ્રેરણા આપતાં હોય છે. પરંતુ શ્રીમદ્ ભગવદ્ ગીતા એ રીતે જીવનમાં મદદરૂપ થાય છે કે જીવનમાં બનતી સારી નરસી સમસ્યાઓનો સામનો કઈ રીતે કરવો, જીવનના આટાપાટામાંથી કઈ રીતે બચવું. ટૂંકમાં ગીતાજી એ જીવનમાં એક ટોનિક સમાન છે. ગીતાજીનું ઉદ્દભવ સ્થાન મહાભારતની યુદ્ધભૂમિ છે. અર્જુન જયારે હિંમત હારીને, ગાંડીવ ધનુષ હેઠે મુકીને નિરાશ વદને રથમાં બેસે છે, ત્યારે ભગવાન શ્રીકૃષ્ણએ અર્જુનને પોતાના જ્ઞાન થકી, જે ઉપદેશ આપ્યો, એજ આપણો સૌનો પ્યારો ગીતા ગ્રંથ છે. અર્જુનને પોરસ ચઢાવવા, એનો ઉત્સાહ વધારવા, તથા તેનું સાચુ કર્મ, ફરજ, કર્તવ્ય એ વિશે વિસ્તૃત જ્ઞાન અને ઉપદેશ આપવા, ભગવાન શ્રીકૃષ્ણે જે સૂરાવલી વહાવી હતી એજ આપણો પવિત્ર ગ્રંથ ગીતાજી છે. ગીતાજીનું આખુ નામ શ્રીમદ્ ભગવદ્ ગીતા છે, પરંતુ લોકો ટૂંકાણમાં ગીતા કે ગીતાજી તરીકે ઓળખે છે.

માગસર સુદ એકાદશીના દિવસે ભગવાન શ્રીકૃષ્ણએ ગીતાજીનું જ્ઞાન રૂપી અમૃત અર્જુનને પિવડાવ્યું હતું, એનો લાભ આજે પણ આપણે સૌ લઈએ છીએ. આ કારણે જ માગસર સુદ એકાદશીને ગીતા જયંતિ તરીકે ઓળખવામાં આવે છે. આપણી હિંદુ સંસ્કૃતિમાં તથા વિશ્વના અન્ય દેશોમાં ધણાં બધાં ધર્મગ્રંથોની રચના થયેલી છે, અરે વેદો ,પુરાણો તેમજ ઉપનિષદોની રચના થયેલી છે, પરંતુ જન્મ જયંતિ તો ગીતાજીની જ ઊજવવામાં આવે છે અને આના ઉપરથી આપણને ગીતાજીનું મૂલ્ય તથા મહત્વ શું છે તે સમજી શકાય છે.

આપણાં અન્ય ગ્રંથોની રચનાઓ તો ઋષિ મુનિઓ, જ્ઞાની વ્યક્તિઓ, કે ધર્મગુરૂઓએ કરેલી છે, જયારે ગીતાજી તો સ્વયં ભગવાન શ્રી કૃષ્ણના મુખારવિંદમાંથી પ્રગટ થયેલ છે.

મૂળ તો ગીતાજી એ મહાભારતનો એક ભાગ જ છે. કહેવાય છે કે યુદ્ધભૂમિમાં ભગવાન શ્રીકૃષ્ણએ ૭૦૦ અર્થસભર શ્લોકોનો પાર્થને ઉપદેશ આપ્યો હતો, તે મહર્ષિ વેદવ્યાસજીએ પોતાની આગવી સૂઝબૂઝ તથા આવડતથી અલગ તારવીને, આપણને ગીતાજી નામના પવિત્ર અને પાવન ગ્રંથની ભેટ આપી અને એનું નામકરણ શ્રીમદ્ ભગવદ્ ગીતા રાખવામાં આવ્યું. બીજા ગ્રંથોની માફક ગીતાજીએ કાંઈ વાંચવાનો પૂજા કરવાનો ગ્રંથ નથી, પરંતુ એના તમામે તમામ શ્લોકોને સમઝી વિચારીને પોતાના દૈનિક જીવનમાં ઉતારવાનો છે. ગીતાજી વિશે તો જેટલું લખીએ એટલું ઓછું પડે એમ છે. જેમ સાગરનો કોઈ તાગ નથી એવી રીતે ગીતાજીનો પણ કોઈ તાગ નથી.

જયાં જયાં સુધી માનવજાતની હસ્તિ છે, ત્યાં ત્યાં સુધી ગીતાજીના ગુણગાન ગવાતા રહેશે અને ગીતા જયંતિની ઉજવણી થતી રહેશે.

યોગેશભાઈ આર જોષી
હાલોલ: ૩૮૯ ૩૫૦,
જિ.પંચમહાલ.

# જમ્મુ કાશ્મીરની જનતા પરિવર્તન ઇચ્છે છે,ભાજપ બહુમતિથી સરકાર બનાવશે : તરૂણ ચુગ

### જનતા ખુબ જ આશાની સાથે ભાજપને જોઇ રહી છે કેન્દ્ર શાસિત પ્રદેશમાં જયારે ચુંટણી થશે ભાજપ જ જીતશે

શ્રીનગર,તા.૩

ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અને જમ્મુ કાશ્મીર અને લદ્દાખના પ્રભારી તરૂણ ચુગે જમ્મુ કાશ્મીરમાં પાર્ટી સંગઠન અને કેડરના સતત મજબુત થવાની વાત કરતા સંપૂર્ણ બહુમતિની સાથે સરકાર બનાવવાનો દાવો કર્યો છે.તરૂણ ચુગે કહ્યું કે ડો શ્યામા પ્રસાદ મુખર્જીના સમયથી જ જમ્મુ કાશ્મીરમાં અમારી પાસે એક મજબુત સંગઠન છે અને ગત ૭૦ વર્ષોના દરમિયાન રાજયની જનતા ત્રણ રાજનીતિક પારિવારોના પરિવારવાદ,ભ્રષ્ટ્રાચાર અને દગાબાજ સરકારોથી ત્રસ્ત થઇ ચુકી છે અને રાજયમાં રાજનીતિક પરિવર્તન ઇચ્છે છે.

તેમણે કહ્યું કે કલમ ૩૭૦ અને ૩૫એના હટ્યા બાદ જે રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જમ્મુ કાશ્મીરમાં વિકાસને ગતિ આપવી અને વિશ્વાસનું વાતાવરણ બનાવવાનું કામ કર્યું છે તેના કારણે અહીંની જનતામાં વિશ્વાસનું વાતાવરણ બનેલ છે.તેમણે કહ્યું કે ભાજપ સામાજિક અને રાજનીતિક વિષયોને લઇ પરમાનેંટ કામ કરનારા રાજનીતિક પક્ષ છે.પાર્ટી ફકત ચુંટણીના સમયે જ કામ કરતી નથી પરંતુ હંમેશા સક્રિય રહે છે અને તેના માટે દરેક સમયે ચુંટણી માટે તૈયાર રહે છે.

તરૂણ ચુગે દાવો કર્યો છે કે કાશ્મીર ઘાટીમાં પણ ભાજપનું મજબુત સંગઠન છે.પાર્ટી ત્યાં મજબુતીથી ઉભી છે.ઘાટીમાં ભાજપના ડીડીસી મેંબર ચુંટણી જીતે છે પંચાયતમાં પણ જનતાએ ભાજપ ઉમેદવારોને વિજયી બનાવ્યા છે.

તેમણે ભાજપના પોતાના કેડરને મજબુતીની સાથે આગળ વધવા,સંગઠનના મજબુત થવા અને ભાજપના સતત વધી રહેલ જનાધાર અને લોકપ્રિયતાનો દાવો કરતા કહ્યું કે તાજેતરના દિવસોમાં કોંગ્રેસ,નેશનલ કોન્ફરન્સ પીડીપી અને પેંથર્સ પાર્ટીના અનેક દિગ્ગજ નેતાઓની સાથે હજારો કાર્યકર્તાઓ ભાજપમાં સામેલ થયા છે.

તેમણે કહ્યું કે ભાજપના વિસ્તારની આ પ્રક્રિયા પુરા દેશની સાથે સાથે જમ્મુ કાશ્મીરમાં પણ સતત ચાલી રહી છે અને આગળ પણ ચાલુ રહેશે

## ભાજપની રાષ્ટ્રીય કારોબારીની દિલ્હીમાં ૫-૬ ડિસેમ્બરે બેઠક

નવીદિલ્હી,તા.૩

ભાજપની રાષ્ટ્રીય કારોબારીની બેઠક દેશની નવી દિલ્હી ખાતે આગામી ૫ અને ૬ ડિસેમ્બરના રોજ યોજાશે. આ બેઠકનો આરંભ પાંચમી ડિસેમ્બરે ગુજરાત વિધાનસભા ચૂંટણીના દ્વિતીય ચરણના મતદાનના દિવસે બપોરે ૨-૩૦ કલાકે થશે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાના અધ્યક્ષતામાં યોજાનારી આ બેઠકમાં વિવિધ સંગઠનાત્મક કાર્યોની સમીક્ષા કરાશે.બેઠકમાં મંડળ, બૂથ સમિતિઓથી લઈને વિવિધ સંગઠનાત્મક ગતિવિધિઓની સમીક્ષા કરાશે. આ સાથે જ લોકો સુધી પહોંચવા સુનિશ્ચિત કરવા માટે વિવિધ મુદ્દાઓ પર ચર્ચા-વિમર્શ કરાશે. વૈશ્વિક મંદીની વચ્ચે ભારતની આર્થિક વૃદ્ધિ અને દેશને જી-૨૦ની અધ્યક્ષતા સંભાળી લીધા સહિતના મુદ્દા કેન્દ્રમાં હોઈ શકે છે.

ઉપરાંત આ બેઠકમાં લોકસભા ચૂંટણી સંલગ્ન સંગઠનાત્મક ગતિવિધિઓ અને ત્રિપુરા, કર્ણાટક, મેઘાયલ સહિત કેટલાક રાજયોમાં આગામી વર્ષે યોજાનાર ચૂંટણીઓની તૈયારીને લઈને ચર્ચા કરાશે. બેઠકમાં પાર્ટીના તમામ રાષ્ટ્રીય પદાધિકારઓ ઉપરાંત રાજયોના પ્રભારીઓ અને સહપ્રભારીઓ, વિવિધ મોરચોના પ્રભારી, પ્રદેશ અધ્યક્ષો, પ્રદેશ સંગઠનના મહામંત્રી પણ ભાગ લેશે.

## એલએસી પર ચીનની ફરી અવળચંડાઈ:લદાખ સરહદે ચીન સૈન્યે ફરી ૨૦૦ શેલ્ટર બનાવ્યાં

નવીદિલ્હી,તા.૩


ચીને લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ નજીક ફરી એકવાર ડેરાતંબૂ તાણીને અવળચંડાઈ કરી છે. ચીનના સૈન્યએ હાલમાં જ અક્સાઈ ચીન અને સિયાચીન ગ્લેશિયર વચ્ચેના વ્યૂહાત્મક વિસ્તારમાં ૨૦૦થી વધુ શેલ્ટર હોમ બનાવ્યાં છે. આ શેલ્ટર ચીનના સૈનિકોને શિયાળામાં રાહત આપવા માટે બનાવાયાં છે. ચીને આશરે સરહદથી ૧૫થી ૧૮ કિ.મી. અંદર તેમના સૈનિકો માટે પ્રિ-ફેબ્રિકેટેડ શેલ્ટર બનાવ્યાં છે.

ભારતીય સૈન્ય સિયાચીન ગ્લેશિયરમાં આવાં શેલ્ટર બનાવે છે. આ શેલ્ટરની અંદરનું તાપમાન બહાર કરતાં ઘણું ગરમ રહે છે. વળી, ચીને આ શેલ્ટર ઘૂસણખોરીમાં સૈનિકોને મદદ કરવા બનાવ્યાં છે. આ પૈકી મોટા ભાગનાં શેલ્ટર ચીને ઓક્ટોબરમાં બનાવ્યાં હતાં, જ્યારે શી જિનપિંગ ત્રીજી વાર ચીનના પ્રમુખ તરીકે પસંદ થયા હતા.

ચીનના સૈન્યએ ૨૦૨૦માં લદાખના પાંચ વિસ્તારમાં અતિક્રમણ કર્યું હતું, જ્યાંથી તેમને વાપસી થઇ ચૂકી છે. જોકે, દેપસાંગ અને ડેમચોકમાં જૂની ઘૂસણખોરી યથાવત્ છે. દેપસાંગમાં ચીનના સૈનિકો હાજર હોવાથી ભારતીય સૈનિકો પરંપરાગત પેટ્રોલ પોઇન્ટ્સ ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪ સુધી નથી જઈ શકતા. સિનિયર કમાન્ડર સ્તરની બેઠકમાં ભારત દેપસાંગ અને ડેમચોક મુદ્દે વાંધો ઉઠાવી ચૂક્યું છે, પરંતુ નવા શેલ્ટર બનતાં સ્પષ્ટ છે કે ચીન ત્યાંથી પીછેહઠ કરવા તૈયાર નથી.

દેપસાંગમાં ચીનના સૈન્યનો અત્યારનો જવાબ તો એ જ છે કે, તેઓ અહીંથી પીછેહઠ કરવા તૈયાર નથી. ચીન આ કબજાને સ્થાયી કરવા માંગે છે. એટલું જ નહીં, તે ભારતીય સૈનિકોને ત્યાં નહીં આવવા દઈને ભારતના દાવા નબળા પાડી રહ્યું છે. આ વિસ્તાર ઘણી ઊંચાઈએ હોવા છતાં સમતળ છે. ત્યાં નજીકમાં ભારતની એરસ્ટ્રિપ છે. સમતળ સ્થળે ટેક્નોનું ઓપરેશન સફળતાથી થઇ શકે અને દેપસાંગ જ લદાખનો એકમાત્ર એવો વિસ્તાર છે. ત્યાર પછી કારાકોરમ રેન્જ આવે છે. તેની બીજી તરફ નુબ્રા અને શ્યોક વેલી છે. પાકિસ્તાનને ચીને ભેટમાં આપેલી શાક્સગામ વેલી પણ ત્યાં છે. આમ, ભારત માટે તે વ્યૂહાત્મક સ્થળ છે.

## કર્ણાટક સરકારે મુસ્લિમ શાળાઓ ખોલવાનો પ્રસ્તાવ નકાર્યો: મુખ્યમંત્રી બસવરાજ બોમ્માઈ



બેંગ્લુરૂ,તા.૩

કર્ણાટકમાં હિજાબ વિવાદ અટકવાનું નામ નથી લઈ રહ્યો. હવે હિજાબ પહેરીને વર્ગો ચલાવવાની છૂટ ધરાવતી શાળા ખોલવાને લઈને એક નવો વિવાદ સામે આવ્યો છે. આ કેસમાં ઘેરાયા પછી હવે સરકાર બચાવ કરતી જોવા મળી રહી છે. તેથી રાજ્ય સરકારે જુદા-જુદા જિલ્લાઓમાં મુસ્લિમ છોકરીઓ માટે ૧૦ શાળાઓ ખોલવાના કર્ણાટક વકફ બોર્ડના પ્રસ્તાવને પણ નકારી કાઢ્યો છે.

રાજ્યના વકફ અને ધાર્મિક બાબતોના મંત્રી શશિકલા જોલે આ મુદ્દાઓથી પોતાને દૂર રાખતા કહ્યું કે તેમને આ પ્રસ્તાવની કોઈ જાણકારી નથી. મુખ્યમંત્રી બસવરાજ બોમ્માઈએ જણાવ્યું હતું કે સરકાર સમક્ષ દરખાસ્ત મૂકવામાં આવી નથી અને તેઓ આવા પ્રસ્તાવના પક્ષમાં નથી.

કર્ણાટકના તટીય જિલ્લા ઉડુપીમાં હિજાબ વિવાદ બાદ મુસ્લિમ છોકરીઓ માટે એક અલગ સ્કૂલ ખોલવાની તૈયારી ચાલી રહી હતી, જ્યાં સ્કૂલ મેનેજમેન્ટે છોકરીઓને હિજાબ પહેરીને સ્કૂલમાં આવવાની પરવાનગી આપશે. હાલમાં સુપ્રીમ કોર્ટે શાળા પ્રશાસનના ડ્રેસ કોડ સંબંધિત મામલામાં હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કર્યો હતો. આ પછી ઘણા મુસ્લિમ સંગઠનોએ છોકરીઓ માટે અલગ શરૂ કરવાની માગ કરી.

આ કેસને ગંભીરતાથી લઈને વકફ બોર્ડે મુસ્લિમ છોકરીઓ માટે અલગ સ્કૂલ બનાવવાનો પ્રસ્તાવ તૈયાર કર્યો હતો. વકફ બોર્ડના અધ્યક્ષ મોહમ્મદ શફી સાદીએ મેંગલુરૂ, કોગાડુ, ચિકમગલુર, વિજયપુરા, બેલગાવી, ઉડુપી, શિવમોગા, રાયપુર, કોપ્પલ અને કલબુર્ગીમાં સ્કૂલ ખોલવાની તૈયારી કરી હતી. તેમણે કહ્યું કે તેમને સ્કૂલ ખોલવા માટે ઘણા સંસ્થાઓ તરફથી પ્રસ્તાવો મળ્યા છે. જેમાં બિન-મુસ્લિમ છોકરીઓ પણ અભ્યાસ કરી શકશે. સાદીના આ નિવેદનનો સ્થાનિક હિન્દુ સંગઠનોએ વિરોધ કર્યો છે.

### વકફના નિર્ણયથી મુખ્યમંત્રી અને મંત્રીએ પોતાને દૂર કર્યા

પીએમના બેટી બચાવો, બેટી પઢાવો અભિયાન હેઠળ આ શાળાઓ ખોલવાની યોજના હતી. બોર્ડે ૬ મહિના પહેલા આ નિર્ણય લીધો હતો.

આ કામ માટે વક્ફ બોર્ડે ૨૫ કરોડ ફંડની જરૂર હતી. તેમને પૂરી અપેક્ષા હતી કે સરકાર આ ફંડ માટે પરવાનગી આપશે.

મુખ્યમંત્રીએ કહ્યું કે આવી સંસ્થાઓ સ્થાપવા માટે કોઈ મંજૂરી આપવામાં આવી નથી. તે કોઈ પ્રસ્તાવ નહોતો પરંતુ વક્ફ બોર્ડના અધ્યક્ષના વિચારો હતા.

# ટીએમસીના નેતા અભિષેક બેનર્જીની જાહેર સભા પહેલા બ્લાસ્ટ, ૩ના મોત; ૨ ગંભીર

મેદિનીપુર,તા.૩

પશ્ચિમ બંગાળમાં ટીએમસી બુથ પ્રમુખના ઘરે થયેલા બ્લાસ્ટમાં ત્રણ લોકોના મોત અને બે લોકો ઘાયલ થવાના સમાચાર છે. બ્લાસ્ટ એટલો જોરદાર હતો કે બુથ પ્રમુખનું ઘર જ આખુ પડી ગયુ હતું. પૂર્વ મેદિનીપુર જિલ્લાના અર્જુન નગર વિસ્તારમાં તૃણમૂલ કોંગ્રેસના બૂથ અધ્યક્ષ રાજકુમાર મન્નાના ઘરે શુક્રવારે મોડી રાત્રે વિસ્ફોટ થયો હતો.

આ અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા છે, જ્યારે બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. પોલીસે ત્રણેય મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા જ્યારે બંને ગંભીર રીતે ઘાયલ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

પૂર્વ મેદિનીપુર જિલ્લાના કાંઠીમાં આજે ્સ્ઝના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનર્જીની જાહેર સભા હતી અને સભા પહેલા શુક્રવારે મોડી રાત્રે ટીએમસીના બૂથ પ્રમુખ રાજકુમાર મન્નાના ઘરમાં વિસ્ફોટ થયો હતો. આ અકસ્માતમાં બૂથ પ્રમુખ રાજકુમાર મન્ના સહિત ત્રણ લોકોના મોત થયા છે, જ્યારે બે ગંભીર રીતે ઘાયલ થયા છે. વિસ્ફોટનો અવાજ સાંભળીને લોકો ઘટના સ્થળે પહોંચી ગયા હતા. તેમણે ભૂપતિનગર પોલીસ સ્ટેશનને આ અંગે માહિતગાર કર્યા હતા.

માહિતી મળતા જ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે જણાવ્યું કે આ અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા છે, પરંતુ અન્ય બે ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ઘટના શુક્રવારે રાત્રે લગભગ ૧૦.૩૦ વાગ્યે પોલીસ સ્ટેશન વિસ્તારના અર્જુન નગર ગ્રામ પંચાયતના નરાયબિલા ગામમાં બની હતી. માર્યા ગયેલા લોકોમાં રાજકુમાર મન્ના, તેના ભાઈ દેવકુમાર મન્ના અને વિશ્વજીત ગાયનનો સમાવેશ થાય છે. રાજકુમાર મન્ના વિસ્તારના તૃણમૂલ કોંગ્રેસના અધ્યક્ષ તરીકે જાણીતા હતા. તૃણમૂલ નેતાના ભાઈ દેવકુમાર ગાયન છે. અકસ્માતની તપાસ કરવામાં આવી રહી છે.


સૂત્રોએ જણાવ્યું કે આ વિસ્ફોટ તૃણમૂલ સાંસદ અભિષેક બેનર્જીની જાહેર સભાના સ્થળથી માત્ર ૪૦ કિલોમીટર દૂર થયો હતો. તે જ સમયે, ભાજપે ટીએમસી બૂથ અધ્યક્ષ રાજકુમાર મન્નાના ઘરે વિસ્ફોટને લઈને ગંભીર આરોપ લગાવ્યા છે. ભાજપનું કહેવું છે કે ટીએમસી બૂથ પ્રમુખના ઘરે બોમ્બ બનાવવાનું કામ ચાલી રહ્યું હતું. આ દરમિયાન વિસ્ફોટ થયો હતો.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

NOG SS No : 128
વિષય :ધર્મનું આચરણ
શીર્ષક:વાસ્તવિકતા
શબ્દ સંખ્યા:૨૮૨
ગદ્ય



'ધર્મનું આચરણ' એ વિષય ઘણો જ સંવેદનશીલ તેમજ વિચારવા લાયક છે. લાગે કે એક દસકામાં ઈતિહાસ બદલાય જાય છે.જે કૂળમાં આપણો જન્મ થયો હોય એ કૂળનો જે ધર્મ હોય તેનું આચરણ આપણે કરવું જોઈએ. વાસ્તવિકતા કંઈક અલગ જ છે. હિન્દુ ધર્મ સનાતન ધર્મ છે પરંતુ આજના બદલાતા સમયમાં હિન્દુ સમાજમાં દુષણોનું પ્રમાણ વધી ગયું છે.વિભક્ત કુટુંબોની સંખ્યા વધતી જાય છે.તેમજ આજની સ્ત્રીઓ નોકરી કરતી હોવાથી બાળકોને ધર્મ શું છે? તેનું આચરણ કઈ રીતે કરવું જોઈએ?એ સંસ્કાર તથા જ્ઞાન આપી શકતા જ નથી.ઘણાં ઘરોમાં બાળકો આયા પાસે મોટા થતાં હોય છે. આયા સંતાનોને સંસ્કાર આપી ના શકે.પિતા ધંધામાં વ્યસ્ત રહે.આ ઘરના પુરુષો પૈસા કમાઈને આપ્યાં પછી બીજી વાતમાં રસ નથી લેતા.અને ઘણાં ઘરોમાં પતિ-પત્નીઓ સંતાનોની સામે ઝઘડતા હોય છે.ખાસ કરીને વડીલોની સાથે રહેવામાં કે સાથે રાખવામાં આજની સ્ત્રીઓને ગમતું નથી. આવા કુટુંબમાં ધર્મ શું છે? તે સંતાનોને ક્યાંથી સમજાય? માતાપિતા પોતાની ફરજ ચુકે છે. તેનો લાભ લઈ કેટલાંક સંતાનો મનમાની કરે છે અને કુમળી વયે તેઓ ખોટા રસ્તે ચડી જાય છે.

જે ધર્મમાં માનતાં હોયએ તે ધર્મને જ વળગી રહીએ.નિયમિત પાઠ- પુજા કરી પરિવાર સાથે મળી ધર્મ વિશે વાતચીત કરી,વડીલોને માન આપીએ જરૂર પડેતો તેઓની સેવા કરીએ મહેમાનને સાચવતાં હોય,મારું-તારું કર્યા વગર,પરિવારમાં સંતાનોને

સમજાવવું ખાસ જરૂરી છે.પરિવારમાં ધર્મનું

આચરણ થવું જરૂરી છે.

અમુક પરિવારમાં સંતાનો આડે રસ્તે ચડી જતા હોય છે.તેઓ માતા-પિતા નાં કહ્યામાં નથી હોતા. આવા પરિવારમાં સંતાનો કંઈક અઘટિત કરે અથવા કંઈક અઘટિત ઘટના બને

ત્યારે માતાપિતા એ ચોધાર આંસુએ રડવા સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી રહેતો.એટલે

જાગો,સમજો અને ધર્મ પ્રત્યે જાગૃત થાઓ. સમયને બરબાદ કર્યા વગર માતાપિતાથી કદાચ જે ભૂલો થઈ હોય

તેમાંથી બોધપાઠ લઈ પરિવારમાં ધર્મનું આચરણ કરએ અને

બીજાને પણ કરાવીએ...

કિર્તી પારેખ.

# ભારતીય નૌકાદળ આજે 'શક્તિ પ્રદર્શન' કરશે !! કૌશલ્ય પ્રદર્શનમાં રાષ્ટ્રપતિ હાજર રહેશે

વિશાખાપટ્ટનમ,તા.૩

ભારતીય નૌકાદળ ૪ ડિસેમ્બરે તેના વાર્ષિક દિવસની ઉજવણી કરવા વિશાખાપટ્ટનમ ખાતે તેના લડાયક કૌશલ્યના ઓપરેશનલ પ્રદર્શન માટે તૈયારી કરી રહ્યું છે, તેમ છતાં દક્ષિણ ચાઈના સમુદ્રમાં આગળની જમાવટ પર તેના બે ફ્રન્ટલાઈન યુદ્ધ જહાજો હવે વિયેતનામના હો ચી મિન્હ સિ્માં છે.નૌકાદળ દિવસની ઉજવણી જેમ કે આર્મી અને આઈએએફ ડેઝ દેશના વિવિધ ભાગોમાં મુખ્ય કાર્યક્રમોને લઈ જવાના સરકારના નિર્દેશને અનુરૂપ પ્રથમ વખત એનસીઆરની બહાર ખસેડવામાં આવ્યા છે. આ વર્ષે ચંદીગઢમાં ૮ ઓક્ટોબરે આઈએએફ ડે પરેડ અને ફ્લાયપાસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યારે આગામી વર્ષે ૧૫ જાન્યુઆરીએ આર્મી ડે પરેડ બેંગલુરુમાં યોજાશે.૧૯૭૧ માં



ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન ઑપરેશન ટ્રાઈડેન્ટ હેઠળ કરાચી બંદર પર દળના સાહસિક હુમલાને સ્વીકારવા માટે ભારત દર વર્ષે ૪ ડિસેમ્બરને નેવી ડે તરીકે ઉજવે છે.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ રવિવારે વિઝાગ ખાતે ઓપરેશનલ ડેમોન્સ્ટ્રેશનમાં ગેસ્ટ ઓફ ઓનર હશે, જેમાં યુદ્ધ જહાજો, સબમરીન, એરક્રાફ્ટ અને મરીન કમાન્ડો સામેલ હશે.નૌકાદળે જણાવ્યું હતું કે સ્ટીલ્થ ફ્રિગેટ આઈએનએસ શિવાલિક અને એન્ટી-સબમરીન વોરફેર કોર્વેટ આઈએનએસ કામોર્ટાને વિયેતનામમાં તૈનાત કરવાથી બંને નૌકાદળ વચ્ચેના મજબૂત સંબંધોમાં વધારો થશે તેમજ દ્વિપક્ષીય રાજદ્વારી સંબંધોની ૫૦મી વર્ષગાંઠની ઉજવણી થશે. ચીન પર નજર રાખીને ભારતે છેલ્લા ઘણા વર્ષોમાં નિયમિત સંયુક્ત કવાયત, લશ્કરી વિનિમય અને તાલીમ કાર્યક્રમો દ્વારા એસિયન દેશો સાથે સંરક્ષણ સંબંધોને અપગ્રેડ કર્યા છે.

ચીન અને પાકિસ્તાન પર નજર રાખીને ભારતે છેલ્લા ઘણા વર્ષોમાં વિશ્વના અનેક દેશો સાથે નિયમિત સંયુક્ત યુદ્ધ કવાયત, લશ્કરી વિનિમય અને તાલીમ કાર્યક્રમો દ્વારા એસિયન દેશો સાથે સંરક્ષણ સંબંધોને અપગ્રેડ કર્યા છે. ભારત સંરક્ષણ ક્ષેત્રે સતત અપગ્રેડ થઈ રહ્યું છે. ભારતના સંરક્ષણ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા માટે સતત પ્રયત્નો કરાઈ રહ્યા છે ત્યારે હાલ ભારત અને અમેરિકા વચ્ચે ઉત્તરાખંડ ખાતે પણ સંયુક્ત યુદ્ધ અભ્યાસ ચાલુ છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ રવિવારે વિઝાગ ખાતે ઓપરેશનલ ડેમોન્સ્ટ્રેશનમાં ગેસ્ટ ઓફ ઓનર હશે, જેમાં યુદ્ધ જહાજો, સબમરીન, એરક્રાફ્ટ અને મરીન કમાન્ડો સામેલ હશે. નૌકાદળે જણાવ્યું હતું કે સ્ટીલ્થ ફ્રિગેટ આઈએનએસ શિવાલિક અને એન્ટી-સબમરીન વોરફેર કોર્વેટ આઈએનએસ કામોર્ટાને વિયેતનામમાં તૈનાત કરવાથી બંને નૌકાદળ વચ્ચેના મજબૂત સંબંધોમાં વધારો થશે તેમજ દ્વિપક્ષીય રાજદ્વારી સંબંધોની ૫૦મી વર્ષગાંઠની ઉજવણી થશે.

# વિક્લી માર્કેટ રિપોર્ટ

# સપ્તાહ દરમિયાન સોનાનો વાયદો રૂ.૫૬૭ અને ચાંદીનો વાયદો રૂ.૧,૯૧૨ ઊછળ્યો

**ક્રૂડ તેલ, કોટનમાં પણ તેજીનો માહોલ: નેચરલ ગેસ, મેન્થા તેલમાં નરમાઈ: સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૨૪૭૯૯ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૫૩૧૫૧ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૪૦૬ કરોડનાં કામકાજ**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૨૫ નવેમ્બર થી ૧ ડિસેમ્બરના સપ્તાહ દરમિયાન ૩૪,૧૫,૭૧૨ સોદાઓમાં કુલ રૂ.૨,૭૮,૩૫૬.૯૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧,૨૪,૭૯૯.૪૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧,૫૩,૧૫૧.૩૩ કરોડનો હતો.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન, કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧૦,૩૨,૪૬૯ સોદાઓમાં કુલ રૂ.૬૧,૪૪૫.૧૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૨,૬૬૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૩,૪૬૨ અને નીચામાં રૂ.૫૨,૧૪૧ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૫૬૭ વધી રૂ.૫૩,૨૩૮ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૫૫૨ વધી રૂ.૪૨,૯૯૨ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૬૦ વધી રૂ.૫,૨૯૫ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૨,૫૫૦ના ભાવે ખૂલી, રૂ.૮૪૫ વધી રૂ.૫૩,૩૩૯ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૬૨,૦૨૭ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૪,૦૫૦ અને નીચામાં રૂ.૬૦,૭૩૭ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૯૧૨ વધી રૂ.૬૩,૯૦૫ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેતક્ટ રૂ.૧૮૪૬ વધી રૂ.૬૫,૩૭૦ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧,૮૩૮ વધી રૂ.૬૫,૩૬૫ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન, એમસીએક્સ ખાતે ૧,૧૨,૭૮૬ સોદાઓમાં રૂ.૧૭,૫૪૨.૧૯ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૪.૦૦ વધી રૂ.૨૧૧.૧૦ અને જસત ડિસેમ્બર વાયદો રૂ.૮.૨૫ વધી રૂ.૨૭૧ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧૪.૨૫ વધી રૂ.૬૯૧.૫૫ તેમ જ સીસું ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૫ વધી રૂ.૧૮૫ના ભાવ થયા હતા. એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન, ૫,૬૦,૦૬૩ સોદાઓમાં કુલ રૂ.૪૫,૪૫૪.૭૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૬,૪૨૪ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૭૭૮ અને નીચામાં રૂ.૬,૦૫૨ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૨૫૩ વધી રૂ.૬,૬૭૩ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૬૬.૬૦ ઘટી રૂ.૫૫૪.૮૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન, એમસીએક્સ ખાતે ૩,૮૫૫ સોદાઓમાં રૂ.૩૫૭.૩૨ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ડિસેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૧,૭૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૩૨,૫૭૦ અને નીચામાં રૂ.૩૦,૧૨૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૭૨૦ વધી રૂ.૩૨,૩૮૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫.૩૦ ઘટી રૂ.૯૫૨.૦૦ થયો હતો. કામકાજની દૃષ્ટિએ સપ્તાહ દરમિયાન, એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨૩,૬૭૬.૭૫ કરોડનાં ૪૪,૭૦૬.૦૨૧ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૩૭,૭૬૮.૪૦ કરોડનાં ૫,૯૬૪.૦૬૭ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧૭,૧૦૯.૪૩ કરોડનાં ૨૬,૫૩૬,૮૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૨૮,૩૪૫ કરોડનાં ૪૮,૩૫,૩૬,૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૩૪૧.૯૫ કરોડનાં ૧,૦૭,૭૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૫.૩૭ કરોડનાં ૧૬૦.૫૬ ટનના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૦૦૦.૩૨૯ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૭૮.૫૯૧ ટન, ક્રૂડ તેલમાં ૯,૫૮,૧૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧,૨૭,૫૩,૭૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૭૦,૯૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૪૩૦.૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન બુલડેક્સ વાયદામાં રૂ.૪૦૬.૧૫ કરોડનાં ૫,૫૩૨ લોટ્સના વેપાર થયા હતા. બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૧૪,૬૯૩ના સ્તરે ખૂલી, ૨૩૪ પોઈન્ટ વધી ૧૪,૯૨૭ના સ્તરે હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં સપ્તાહ દરમિયાન, એમસીએક્સ પર રૂ.૧,૫૩,૧૫૧.૩૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫,૫૧૦.૪૧ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯૫૨.૨૭ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૨૪,૮૮૬.૩૬ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૧,૭૯૧.૪૩ કરોડનાં કામકાજ થયાં હતાં.

કોમોડિટી વાયદા કોન્ટ્રેક્ટ્સની સાપ્તાહિક વધઘટ

| એમસીએક્સ કોન્ટ્રેક્ટ | પાકતી તારીખ | ભાવનું એકમ | ખૂલી (રૂ.) | વધી (રૂ.) | ઘટી (રૂ.) | બંધ (રૂ.) | વધઘટ (રૂ.) |
|---|---|---|---|---|---|---|---|
| બુલડેક્સ | ૨૩-૧૨-૨૨ | ૧ યુનિટ | ૧૪૬૯૩ | ૧૪૯૫૦ | ૧૪૫૩૦ | ૧૪૯૨૭ | ૨૩૪ |
| ગોલ્ડ-ગિની | ૩૦-૧૨-૨૨ | ૮ ગ્રામ | ૪૨૪૧૨ | ૪૩૧૭૬ | ૪૨૨૫૫ | ૪૨૯૯૨ | ૫૫૨ |
| ગોલ્ડ-પેટલ | ૩૦-૧૨-૨૨ | ૧ ગ્રામ | ૫૨૩૩ | ૫૨૯૯ | ૫૨૧૧ | ૫૨૯૫ | ૬૦ |
| સોનું | ૦૫-૧૨-૨૨ | ૧૦ ગ્રામ | ૫૨૬૬૫ | ૫૩૪૬૨ | ૫૨૧૪૧ | ૫૩૨૩૮ | ૫૬૭ |
| સોનું-મિની | ૦૫-૧૨-૨૨ | ૧૦ ગ્રામ | ૫૨૫૫૦ | ૫૩૫૯૩ | ૫૨૧૧૧ | ૫૩૩૩૯ | ૮૪૫ |
| ચાંદી | ૦૫-૧૨-૨૨ | ૧ કિલો | ૬૨૦૨૭ | ૬૪૦૫૦ | ૬૦૭૩૭ | ૬૩૯૦૫ | ૧૯૧૨ |
| ચાંદી-માઈક્રો | ૨૮-૦૨-૨૩ | ૧ કિલો | ૬૩૫૯૯ | ૬૫૯૮૩ | ૬૨૫૧૨ | ૬૫૩૬૫ | ૧૮૩૮ |
| ચાંદી-મિની | ૨૮-૦૨-૨૩ | ૧ કિલો | ૬૩૫૫૦ | ૬૫૫૬૦ | ૬૨૪૫૩ | ૬૫૩૭૦ | ૧૮૪૬ |
| એલ્યુમિનિયમ | ૩૦-૧૨-૨૨ | ૧ કિલો | ૨૦૭.૪ | ૨૧૩ | ૨૦૪.૩૫ | ૨૧૧.૧ | ૪ |
| જસત | ૩૦-૧૨-૨૨ | ૧ કિલો | ૨૬૩.૪ | ૨૭૨.૪૫ | ૨૫૯.૫ | ૨૭૧.૦૫ | ૮.૨૫ |
| તાંબુ | ૩૦-૧૨-૨૨ | ૧ કિલો | ૬૭૯ | ૬૯૨.૯૫ | ૬૬૩.૦૫ | ૬૯૧.૫૫ | ૧૪.૨૫ |
| સીસું | ૩૦-૧૨-૨૨ | ૧ કિલો | ૧૮૪.૦૫ | ૧૮૫.૪૫ | ૧૮૨.૬૫ | ૧૮૪.૯ | ૦.૭૫ |
| ક્રૂડ તેલ | ૧૯-૧૨-૨૨ | ૧ બેરલ | ૬૪૨૪ | ૬૭૭૮ | ૬૦૫૨ | ૬૬૭૩ | ૨૫૩ |
| નેચરલ ગેસ | ૨૭-૧૨-૨૨ | ૧ એમએમબીટીયૂ | ૬૨૦.૭ | ૬૩૩.૫ | ૫૫૦ | ૫૫૪.૮ | -૬૬.૬ |
| કોટન | ૩૦-૧૨-૨૨ | ૧ ગાંસડી | ૩૧૭૦૦ | ૩૨૫૭૦ | ૩૦૧૨૦ | ૩૨૩૮૦ | ૭૨૦ |
| મેન્થા તેલ | ૩૦-૧૨-૨૨ | ૧ કિલો | ૯૫૯.૭ | ૯૬૪.૭ | ૯૪૬.૫ | ૯૫૨ | -૫.૩ |

સપ્તાહના ટોપ-૫ વધનાર વાયદા કોન્ટ્રેક્ટ્સ

| એમસીએક્સ કોન્ટ્રેક્ટ | પાકતી તારીખ | ભાવનું એકમ | બંધ (રૂ.) | આગલો બંધ (રૂ.) | વધઘટ (રૂ.) | ફેરફાર (%) |
|---|---|---|---|---|---|---|
| ક્રૂડ તેલ | ૧૯-૧૨-૨૨ | ૧ બેરલ | ૬૬૭૩ | ૬૪૨૦ | ૨૫૩ | ૩.૯૪ |
| ક્રૂડ તેલ | ૧૯-૦૧-૨૩ | ૧ બેરલ | ૬૬૯૯ | ૬૪૬૪ | ૨૩૫ | ૩.૬૪ |
| જસત | ૩૦-૧૨-૨૨ | ૧ કિલો | ૨૭૧.૦૫ | ૨૬૨.૮ | ૮.૨૫ | ૩.૧૪ |
| જસત | ૩૧-૦૧-૨૩ | ૧ કિલો | ૨૭૨.૯ | ૨૬૪.૬૫ | ૮.૨૫ | ૩.૧૨ |
| ચાંદી | ૦૩-૦૩-૨૩ | ૧ કિલો | ૬૫૪૦૯ | ૬૩૪૩૫ | ૧૯૭૪ | ૩.૧૧ |

સપ્તાહના ટોપ-૫ ઘટનાર વાયદા કોન્ટ્રેક્ટ્સ

| એમસીએક્સ કોન્ટ્રેક્ટ | પાકતી તારીખ | ભાવનું એકમ | બંધ (રૂ.) | આગલો બંધ (રૂ.) | વધઘટ (રૂ.) | ફેરફાર (%) |
|---|---|---|---|---|---|---|
| નેચરલ ગેસ | ૨૭-૧૨-૨૨ | ૧ એમએમબીટીયૂ | ૫૫૪.૮ | ૬૨૧.૪ | -૬૬.૬ | -૧૦.૭૨ |
| નેચરલ ગેસ | ૨૫-૦૧-૨૩ | ૧ એમએમબીટીયૂ | ૫૪૮.૧ | ૬૦૫.૫ | -૫૭.૪ | -૯.૪૮ |
| નેચરલ ગેસ | ૨૩-૦૨-૨૩ | ૧ એમએમબીટીયૂ | ૫૦૧.૨ | ૫૩૩.૨ | -૩૨ | -૬ |
| મેન્થા તેલ | ૨૮-૦૨-૨૩ | ૧ કિલો | ૯૭૧ | ૯૮૬ | -૧૫ | -૧.૫૨ |
| મેન્થા તેલ | ૩૦-૧૨-૨૨ | ૧ કિલો | ૯૫૨ | ૯૫૭.૩ | -૫.૩ | -૦.૫૫ |

સપ્તાહના ટોપ-૫ ટ્રેડેડ વાયદા કોન્ટ્રેક્ટ્સ

| વાયદા કોન્ટ્રેક્ટ | વોલ્યુમ અને ઓ.ઈન્ટ.નું એકમ | સોદા | મૂલ્ય (રૂ. કરોડમાં) | વોલ્યુમ | ઓપન ઈન્ટરેસ્ટ |
|---|---|---|---|---|---|
| નેચરલ ગેસ | એમએમબીટીયૂ | ૩૩૭૨૪૭ | ૨૮૩૪૫.૩૬ | ૪૮૩૫૩૬૨૫૦ | ૧૨૭૫૩૭૫૦ |
| ચાંદી | કિલો | ૧૦૨૦૯૪ | ૨૧૯૭૨.૫૧ | ૩૪૮૪૪૧૦ | ૫૯૭૫૪૦ |
| સોનું | કિલો | ૩૩૧૭૩ | ૧૯૮૧૧.૨૨ | ૩૭૩૮૫ | ૧૭૨૪૧ |
| ક્રૂડ તેલ | બેરલ | ૨૨૨૮૧૬ | ૧૭૧૦૯.૪૩ | ૨૬૫૩૬૮૦૦ | ૯૫૮૧૦૦ |
| તાંબુ | કિલો | ૫૩૨૬૦ | ૯૯૪૮.૯૦ | ૧૪૬૨૯૨૫૦૦ | ૧૪૨૨૫૦૦૦ |

સપ્તાહના ટોપ-૫ ટ્રેડેડ ઓપ્શન કોન્ટ્રેક્ટ્સ

| ઓપ્શન કોન્ટ્રેક્ટ | વોલ્યુમનું એકમ | સોદા | મૂલ્ય (રૂ. કરોડમાં) | વોલ્યુમ | ઓપન ઈન્ટરેસ્ટ |
|---|---|---|---|---|---|
| ક્રૂડ તેલ - કોલ ઓપ્શન | બેરલ | ૮૧૩૪૯૨ | ૭૨૯૦૦.૪૮ | ૧૦૩૪૨૩૭૦૦ | ૫૬૯૨૯૦૦ |
| ક્રૂડ તેલ - પુટ ઓપ્શન | બેરલ | ૬૩૦૩૯૯ | ૫૧૯૮૫.૮૮ | ૮૧૬૭૩૭૦૦ | ૫૬૯૨૯૦૦ |
| નેચરલ ગેસ - કોલ ઓપ્શન | એમએમબીટીયૂ | ૧૨૭૪૪૮ | ૧૨૮૨૬.૭૬ | ૧૮૪૮૭૩૭૫૦ | ૨૮૫૩૫૦૦૦ |
| નેચરલ ગેસ - પુટ ઓપ્શન | એમએમબીટીયૂ | ૧૦૯૫૫૪ | ૮૯૬૪.૬૭ | ૧૫૫૨૨૬૨૫૦ | ૨૮૫૩૫૦૦૦ |
| સોનું - પુટ ઓપ્શન | કિલો | ૪૭૭૨ | ૨૭૧૯.૯૧ | ૫૨૨૫ | ૩૯૦૫ |

# ઉ.કોરિયામાં માતાપિતાએ બાળકોના નામ રાખ્યા ગન, બોમ્બ, સેટેલાઈટ : સરમુખત્યાર કિમ જોંગ ઉનનું નવું ફરમાન

કોરિયા,તા.૩

તાનાશાહ કિમ-જોંગ-ઉનના ડરમાં જીવતા ઉત્તર કોરિયાના લોકોને સરમુખ્ત્યાર સરકારે અજીબો-ગરીબ ફરમાન પાઠવ્યું છે. ઉત્તર કોરિયાની સરકારે દેશના માતા-પિતાઓને ફરમાન જાહેર કરીને કહ્યું છે કે, તેઓ પોતાના બાળકોના નામ ગન, સેટેલાઈટ, બોમ્બ અને બીજા હથિયારોના નામે રાખે. ઉત્તર કોરિયાઈ સરકારે આવા નામોને દેશભકિતપૂર્ણ ગણાવ્યા છે. આ ફરમાનમાં માતા-પિતાઓને બાળકોના નામ સૈન્યવાદી રાખવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.

રેડિયો ફ્રી એશિયાના રિપોર્ટમાં સ્થાનિક લોકો જોડે વાતચીત કરીને દાવો કરવામાં આવ્યો છે કે, સરમુખ્ત્યાર સરકારે બાળકોના નામ સંદર્ભે નવું ફરમાન જાહેર કર્યું છે. આ પહેલા ઉત્તર કોરિયાની સરકારે દક્ષિણ કોરિયાની જેમ પોતાના નાગરિકોને પ્રેમની લાગણી દર્શાવતા નામો રાખવાની અનુમતિ આપી હતી. પણ, હવે સરકાર તરફથી નવો આદેશ આપવામાં આવ્યો છે કે, બાળકોના નામમાં દેશભકિતના દર્શન થવા જોઈએ. સરકાર તરફથી વધુમાં કહેવામાં આવ્યું છે કે, આ આદેશનું પાલન ન કરનારને દંડ કરવામાં આવશે.ઉત્તર કોરિયાની સરકાર દ્વારા માતા-પિતાઓને કેટલાક બોમ્બ, ઉપગ્રહો અને સૈન્યવાદી નામો પણ સૂચવવામાં આવ્યા છે, જેમકે, પોક-૨, ઉ-સોંગ અને ચુંગ-સીમ. આ ફરમાનના પાલન માટે છેલ્લા કેટલાક મહિનાઓથી લોકોને સરકાર દ્વારા નોટિસો પાઠવવામાં આવી છે. તેમને દેશભકિત દર્શાવતું નામ રાખવા માટે વર્ષ ૨૦૨૨ના અંત સુધીનો સમય આપવામાં આવ્યો છે.

# અમેરિકાના શરતી શાંતિ પ્રસ્તાવને રશિયાએ ફગાવ્યું

મોસ્કો,તા.૩

રશિયાએ અમેરિકાના યુદ્ધ સમાપ્તિના પ્રસ્તાવનો ઈન્કાર કર્યો છે. આ મામલે રશિયાએ કહ્યું છે કે યુક્રેન સાથેનું યુદ્ધ અટકાવી શકાશે નહીં. આ નિવેદન બાદ યુક્રેન સીમાઓ પર હિલચાલ વધારી દેવામાં આવી છે. જેના કારણે હવે આ યુદ્ધમાં પરમાણુ હુમલાની શક્યતાઓમાં વધારો થઈ રહ્યો છે. યુક્રેન આર્મ્ડ ફોર્સના એક નિવેદનમાં જણાવાયું છે કે ઈન્ટેલિજન્સ ઈનપુટ પ્રમાણે રશિયા ભયાનક હુમલો કરી શકે છે. આ હુમલાઓ એવા હશે કે જે અત્યારસુધી કરવામાં આવ્યા નથી. આ વચ્ચે રશિયાના ્-૯૫ બોમ્બર યુક્રેનમાં નજરે પડયા છે. હવે રશિયાએ અમેરિકાને યુદ્ધમાંથી હટાવવાનો નિર્ણય લીધો છે.

હકીકતમાં, અમેરિકાના પ્રમુખ બાયડેને શુક્રવારે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સાથે મુલાકાત કરી. જેમાં બાયડેને કહ્યું હતું કે તેઓ રશિયા-પુતિન સાથે વાતચીત કરવા માટે તૈયાર છે. જો યુદ્ધ રોકવાની વાત કરવામાં આવે.

બાયડેન વહીવટીતંત્રે યુક્રેન યુદ્ધમાં શાંતિ કરારને લગતી કેટલીક શરતો મૂકી છે, જેને રશિયાએ નકારી કાઢી છે. અમેરિકાએ એવો પ્રસ્તાવ મૂક્યો કે રશિયા સાથે યુદ્ધ- શાંતિ મંત્રણા કરી શકે છે, પરંતુ તેમણે એવી શરત મૂકી કે રશિયન સેનાને યુક્રેનમાંથી હટી જવું પડશે. જે શરતને ફગાવી દીધી હતી. તેથી હવે સ્પષ્ટ લાગી રહ્યું છે કે યુક્રેનમાં જે વિનાશક થઈ રહ્યું છે તે ચાલુ જ રહેશે. પરંતુ, રશિયાએ યુદ્ધને પૂર્ણ કરવાનું મન બનાવ્યું છે. જેની ઝલકરૂપે રશિયન ટીયુ-૯૫ બોમ્બર યુક્રેનના આકાશમાં દેખાઇ રહ્યા છે.રશિયાના વિદેશ મંત્રીએ ચેતવણી જાહેર કરી દીધી છે કે જો અમેરિકા યુદ્ધમાં રશિયાને મદદ કરવાનું ચાલુ રાખશે તો તેના પરિણામો ભયંકર હશે, તો શું યુદ્ધ લવરોવ દ્વારા સૂચવવામાં આવેલી દિશામાં આગળ વધી રહ્યું છે ? રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લવરોવે કહ્યું કે અમે કહીએ છીએ કે પરમાણુ યુદ્ધ ક્યારેય ન ફાટવું જોઈએ, પરમાણુ દળો વચ્ચે કોઈપણ પ્રકારનું યુદ્ધ અસ્વીકાર્ય છે.

